## કોવીડ-૧૯ ના કારણે મૃત્યુ પામનારના વારસને મળતી સહાય માટે

## ઓન-લાઇન પોર્ટલ પર અરજી કરવા માટેની કાર્યપધ્ધતિ

| | |
|---|---|
| ૧ | સૌપ્રથમ મહેસૂલ વિભાગ ના i-ORA (https://iora.gujarat.gov.in) પોર્ટલ પર જાઓ. |
| ૨ | i-ORA પોર્ટલના મુખ્ય પેજ પર દર્શાવેલ **"COVID-19 Ex-Gratia Payment"** પર Click કરો. |
| 3 | તમારો મોબાઇલ નંબર દાખલ કરો. |
| ૪ | સ્ક્રીન પર દર્શાવેલ સંખ્યાદર્શક કેપ્ચા કોડ વાંચીને તેની નીચેના ટેક્સ્ટબોક્સમાં દાખલ કરો.<br>કેપ્ચા કોડ વાંચી ન શકો તો **"Refresh Code"** પર Click કરો જેથી નવો કેપ્ચા કોડ સ્ક્રીન પર જોવા મળશે. |
| ૫ | કેપ્ચા કોડ દાખલ કર્યા બાદ **"Generate OTP"** પર Click કરો. OTP જનરેટ કરવાથી આપે દાખલ કરેલ મોબાઇલ નંબર પર વેરીફિકેશન કોડ મળશે. |
| ૬ | મોબાઇલ નંબર પર મળેલ વેરીફિકેશન કોડ ટેક્સ્ટબોક્સમાં દાખલ કરી **"Login"** પર Click કરો. |
| ૭ | **"Login"** પર Click કર્યા બાદ મૃત્યુ પામનારની વિગતો ઓન-લાઇન ગુજરાત રાજ્ય ના **"ઇ-ઓળખ પોર્ટલ"** પરથી મેળવવા માટે મૃત્યુ પામનારના મરણ પ્રમાણપત્રનો નંબર અને મરણ તારીખ દાખલ કરો અને **"મરણ પામનારની વિગત મેળવો"** બટન પર Click કરો. |
| ૮ | **"મરણ પામનારની વિગત મેળવો"** બટન પર Click કરવાથી **"ઇ-ઓળખ પોર્ટલ"** પરથી દાખલ કરેલ મરણ પ્રમાણપત્ર નંબર અને મરણ તારીખ માટે મૃત્યુ પામનારને રેકર્ડ ઓન-લાઇન મળશે અને કોવીડ-૧૯ ના કારણે મૃત્યુ પામનારના વારસને મળતી સહાય માટેની અરજીની વિગતો ભરવા માટેનું ફોર્મ ખુલશે. |
| ૯ | અરજીને લગતી તમામ વિગતો ચોક્કસાઇ પુર્વક દાખલ કરો.<br>જેમાં મુખ્યત્વે,<br>અ) કોવિડ-૧૯ થી મૃત્યુ થયેલ છે તે અંગેના આધારની વિગતો જણાવો.<br>બ) કોવિડ-૧૯ થી મૃત્યુ પામનાર ના કાયદેસરના વારસદાર/ તમામ વારસદારોની વિગતો **"વારસદાર ઉમેરવા"** બટન પર Click કરી ઉમેરો.<br>ક) વારસદારો પૈકી જે વારસદારના નામે સહાય મેળવવાની છે તે એક વારસદારના બેંક ખાતાની વિગતો દાખલ કરો.<br>ડ) અરજદારની વિગતો દાખલ કરો. અરજીને લગત હુકમ અને અન્ય એલર્ટ ઇ-મેઇલ પર મેળવવા માગો છો અને ઇ-મેઇલ એડ્રેસ હોય તો અવશ્ય જણાવો. |
| ૧૦ | અરજીને લગતી તમામ વિગતો દાખલ કર્યા બાદ **"Save Application / અરજી વિગત સેવ કરવા"** પર Click કરો. |
| ૧૧ | અરજી સેવ થતા જ એક યુનિક અરજી નંબર અને દાખલ કરેલ અરજીની તમામ વિગતો સ્ક્રીન પર જોવા મળશે. આ યુનિક અરજી નંબરની યોગ્ય જગ્યાએ નોંધ કરો. આ નંબર આપને મોબાઇલ અને ઇ-મેઇલ એડ્રેસ જણાવેલ હશે તો ઇ-મેઇલ પર પણ મળશે. |
| ૧૨ | સ્ક્રીન પર દર્શાવેલ અને આપે દાખલ કરેલ વિગતો ચોક્કસાઇ પુર્વક વાંચ્યા બાદ જો કોઈ સુધારો જણાય તો **"Edit Application/ અરજી વિગતો સુધારવા"** પર Click કરી અરજીની વિગતો સુધારો અને ત્યારબાદ **"Update Application / અરજી વિગત અપડેટ કરવા"** પર Click કરી વિગતો અપડેટ કરો. |
| ૧૩ | જો અરજીને લગતી તમામ વિગતો બરાબર હોય તો **"Confirm Application / અરજી કન્ફર્મ કરવા"** પર Click કરો.<br>અગત્યની સુચના:-<br>અરજી એકવાર કન્ફર્મ કર્યા બાદ અરજીને લગતી કોઈ પણ વિગતો સુધારી શકાશે નહી. |
| ૧૪ | અરજી કન્ફર્મ કર્યા બાદ, જો આપે દાખલ કરેલ અરજી વિગતો પરથી સોગંદનમું પ્રીંટ કરી નોટરી સમક્ષ સોગંદનામું કરાવા માગતા હોવ તો **"Print Computer Generated Affidavit / અરજી વિગતોના આધારે તૈયાર** |

Scanned with CamScanner

| | |
|---|---|
| | થયેલ સોગંદનામું પ્રિંટ કરવા" પર Click કરી સોગંદનમું પ્રીંટ કરો અથવા નોટરી સમક્ષ વારસદારોની સંમતિ દર્શાવતું સોગંદનામું તૈયાર કરો. |
| ૧૫ | નોટરી સમક્ષ કરવામાં આવેલ સોગંદનામું અને અન્ય જરૂરી ડોક્યુમેન્ટસ સ્કેન કર્યા બાદ i-ORA (https://iora.gujarat.gov.in) પોર્ટલ પરથી "COVID-19 Ex-Gratia Payment" > "Registered Application (દાખલ કરેલ અરજી માટે)" પસંદ કરી અરજી નંબર અને મોબાઇલ નંબર દાખલ કરવાથી કન્ફર્મ કરેલ અરજીની વિગતો મળશે. |
| ૧૬ | "Upload Document / ડોક્યુમેન્ટ અપલોડ કરવા" ના ઓપ્શનમાં જઇને અપલોડ કરવાના લીસ્ટમા જણાવેલ ડોક્યુમેન્ટસ અપલોડ કરો.<br>નોંધ:- અહિં અપલોડ કરવાના ડોક્યુમેન્ટસના નામ ત્રણ કલરમાં જોવા મળશે.<br>અ) લાલ રંગમાં એટલે કે ફરજીયાત અપલોડ કરવાના ડોક્યુમેન્ટસ<br>બ) વાદળી રંગમાં એટલે કે મરજીયાત અપલોડ કરવાના ડોક્યુમેન્ટસ<br>ક) લીલા રંગમાં એટલે કે અપલોડ કરેલ ડોક્યુમેન્ટસ |
| ૧૭ | દાખલ કરેલ અરજીને લગતા મુખ્ય સ્ટેપ જેવા કે "અરજી સુધારવા", "અરજી કન્ફર્મ કરવા", "સોગદનામું પ્રીંટ કરવા", "ડોક્યુમેન્ટ અપલોડ કરવા" અને "અરજી સબમીટ કરવા" આ દરેક સ્ટેપ પર "Registered Application (દાખલ કરેલ અરજી માટે)" ઓપ્શન પસંદ કરી યુનિક અરજી નંબર અને મોબાઇલ નંબર દાખલ કરી જઈ શકો છો. |
| ૧૮ | બધા જ ફરજીયાત ડોક્યુમેન્ટસ અપલોડ કરવાથી "Submit Application / અરજી સબમીટ કરવા" નું બટન જોવા મળશે. એકવાર સબમીટ એપ્લીકેશન કર્યા બાદ તેમા કોઈ પણ સુધારો થઈ શકશે નહી. |
| ૧૯ | "Submit Application / અરજી સબમીટ કરવા" પર Click કરવાથી આપની અરજી મૃત્યુ પામનારના મરણ પ્રમાણપત્ર પર જણાવેલ કાયમી સરનામાં ને લગત કલેક્ટર/ મામલતદાર કચેરી માં આગળની કાર્યવાહી માટે સબમીટ થશે આમ ઓન-લાઈન અરજી કરવાની પ્રક્રિયા પૂર્ણ થશે. |
| ૨૦ | અરજી નિકાલની જાણ આપને મોબાઇલ અને ઈ-મેલ મારફત મોકલવામાં આવશે. |

Scanned with CamScan